# કોહલીની મૃત્યુદંડની સજા કારાવાસમાં ફેરવાઈ

## નિઠારી હત્યાકાંડમાં અલ્હાબાદ હાઈકોર્ટનો આદેશ

નવીદિલ્હી,તા. ૨૮

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં અલ્હાબાદ હાઈકોર્ટે નિઠારી સિરિયલ કિલર સુરેન્દ્ર કોહલીની મૃત્યુદંડની સજાને આજીવન કારાવાસમાં ફેરવી નાંખી હતી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ પીકેએસ બાઘેલની બનેલી ડિવિઝન બેંચ દ્વારા આ મુજબનો આદેશ જારી કરવામાં આવ્યો હતો. નિઠારી સિરિયલ કિલિંગ કેસમાં મુખ્ય આરોપી તરીકે સુરેન્દ્ર કોહલીને મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી. તેને ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજાને પડકાર ફેંકીને પીયુડીઆર દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ આ આદેશ અપાયો છે. કોહલી દ્વારા પણ આવી જ અરજી અગાઉ દાખલ કરાઈ હતી. અરજીમાં રજૂ કરવામાં આવેલી માહિતીની જેમ જ આ કેસમાં



પણ આવી જ રજૂઆત કરવામાં આવી હતી. ગયા વર્ષે ૩૧મી ઓક્ટોબરના દિવસે અરજી દાખલ કરાઈ હતી. સુપ્રીમ કોર્ટે કોહલીની અરજીને ફગાવી દીધાના ત્રણ દિવસ બાદ આ અરજી કરાઈ હતી. બીજી સપ્ટેમ્બરના દિવસે ટ્રાયલ કોર્ટ દ્વારા જારી કરવામાં આવેલા મૃત્યુ વોરંટને ૧૨મી સપ્ટેમ્બરના દિવસે નક્કી કરવામાં આવ્યું હતું. ૧૨મી સપ્ટેમ્બરની તારીખ ફાંસી માટે રાખવામાં આવી હતી. રિકોલ અરજી ઉપર સુનાવણી કરવા સુપ્રીમ કોર્ટના નિર્ણયના અનુસંધાનમાં ફાંસી ઉપર સ્ટે મુકવામાં આવ્યો હતો. રિકોલ અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ ફાંસીની સજા ઉપર માર્ગ આગળ વધ્યો હતો. નિઠારી હત્યાકાંડ ડિસેમ્બર ૨૦૦૯માં હોરીફિટ બનાવ સાથે સંબંધિત છે જેમાં બિઝનેસમેન એમએસ પાંઢેરના બંગલા નજીક કેનાલમાંથી મૃતદેહો મળી આવ્યા હતા. ૧૯ યુવા મહિલાઓ અને બાળકોના મૃતદેહ હાથ લાગ્યા હતા. નિઠારી ગામમાંથી આ મૃતદેહ હાથ લાગ્યા હતા. ત્યારબાદ તપાસ કરતા જણવા મળ્યું હતું કે, બળાત્કાર ગુજાર્યા બાદ પાંઢેરના બંગલામાં તેમની હત્યા કરી હતી. નિઠારી કિલરને અગાઉ પણ જીવનદાન મળ્યું હતું. તેની દયાની અરજી રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ ફગાવી દીધી હતી. તેને સીબીઆઈ કોર્ટ દ્વારા મૃત્યુદંડ અંગે વોરંટ જારી કરાયા બાદ ફાંસી આપવા માટે ચોથી સપ્ટેમ્બરે મેરઠ ખાતે લઈ જવાયો હતો. દસના જેલથી તેને લઈ જવાયો હતો. ડિસેમ્બર ૨૦૦૬માં નોઈડાથી લાપતા રિમ્પા હલદરની હત્યા મામલામાં તે અપરાધી જાહેર થયો હતો.

## બિહાર : ચૂંટણી નરેન્દ્ર મોદી હેઠળ લડવાની જાહેરાત થઈ

પટણા,તા. ૨૮

એલજેપીના પ્રમુખ અને કેન્દ્રીય પ્રધાન રામવિલાસ પાસવાને આજે કહ્યું હતું કે, બિહારમાં વિધાનસભાની ચૂંટણી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ લડવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, બિહારમાં આગામી ચૂંટણીમાં એનડીએના ચહેરા તરીકે નરેન્દ્ર મોદી રહેશે. ભાજપના સાથી પક્ષ લોકજનશક્તિ પાર્ટીના નેતા પાસવાને આ મુજબની વાત કરીને રાજકીય ચર્ચા જગાવી દીધી છે. પટણામાં પત્રકારો સાથે વાતચીત કરતા પાસવાને કહ્યું હતું કે, ભાજપ અમારા મોટાભાઈ તરીકે છે. બિહાર ચૂંટણી વડાપ્રધાનની લીડરશીપ હેઠળ લડવામાં આવશે. પાસવાને કહ્યું હતું કે, એનડીએના ભાગીદારોની અંદર બેઠકોની વહેંચણીનો મામલો કોઈ મોટો મુદ્દો નથી. તેમની પાર્ટી તેમને જે કંઈ પણ બેઠક મળશે તેને લઈને સંતુષ્ટ રહેશે. બેઠકોની વહેંચણી કોઈ મુદ્દો નથી. અમને બે, પાંચ કે ૧૦૦ બેઠક મળે છે કોઈ મુદ્દો નથી. અમારો મુખ્ય હેતુ બિહારમાં વર્તમાન સરકારને બદલવાનો રહેશે. કોઈપણ વ્યક્તિ કહી શકે નહીં કે, પાસવાને ક્યારે બેઠકોને લઈને વિવાદ કર્યો છે. અમારા અંગત હિતમાં જેટલી બેઠક મળશે તે બેઠક ઉપર ચૂંટણી લડવામાં આવશે. અમારો એકમાત્ર હેતુ જેડીયુ સરકારના પતન માટેનો રહેશે. ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે ભાજપના નેતા સુશીલ કુમાર મોદીને સ્વીકારવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, ચૂંટણી નજીક આવશે ત્યારે બેસીને નક્કી કરવામાં આવશે. ભાજપની કેન્દ્રીય નેતાગીરી તેમના ઉમેદવરા અંગે નિર્ણય કરશે. નરેન્દ્ર મોદીના નામ હેઠળ ચૂંટણી લડવામાં આવશે. જે રીતે મહારાષ્ટ્ર અને હરિયાણામાં ચૂંટણી લડાઈ તેવી જ રીતે અહીં પણ ચૂંટણી થશે.

ચૂંટણી બાદ નરેન્દ્ર મોદી દ્વારા યોગ્ય નિર્ણય લેવાશે. બિહાર મુદ્દે પાસવાને કહ્યું હતું કે, રાજ્યના રાજ્યપાલે એજપુરના બનાવ અંગે વિગતો માંગી છે. જે ખુબ જ ગંભીર મામલો છે. બિહારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દિન પ્રતિદિન વણસી રહી છે. સરકાર આના માટે જવાબદાર છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ રામભરોસે થઈ ગઈ છે.

## સુનંદા હત્યા કેસ : અમરસિંહની બે કલાક સુધી પુછપરછ કરાઈ

નવી દિલ્હી,તા. ૨૮

દેશભરમાં ચર્ચા જગાવનાર સુનંદા પુષ્કર હત્યાકેસના મામલામાં તપાસ કરનાર દિલ્હી પોલીસની ખાસ તપાસ ટીમે આજે અમરસિંહની આકરી પુછપરછ કરી હતી. બે કલાક સુધી અમરસિંહની પુછપરછ કરવામાં આવી હતી. આ કેસના સંદર્ભમાં તેમના દ્વારા કરવામાં આવેલા દાવાના સંદર્ભમાં પુછપરછ કરવામાં આવી હતી. અમરસિંહે બે કલાક સુધી પુછપરછ ચાલ્યા બાદ બહાર આવ્યા પછી કહ્યું હતું કે, સુનંદા તેમના સૌથી નજીકના મિત્ર પૈકીની એક હતી. તેઓ પોલીસને કહી ચુક્યા છે કે, તેમની પાસે જે માહિતી હતી તે કરી ચુક્યા છે. અમરસિંહે કહ્યું હતું કે, સુનંદા અંગે તેમની પાસે જે માહિતી હતી તે કરી દેવામાં આવી છે. બે કલાક સુધી પુછપરછ દરમિયાન અમરસિંહને ૨૦ પ્રશ્નો કર્યા હોવનું જાણવા મળ્યું છે. તેમની સામે કરવામાં આવેલા પ્રશ્નો અંગે વિગત આપવાનો અમરસિંહે ઈન્કાર કર્યો હતો. તેઓએ આ કેસના સંદર્ભમાં વધુ ટિપ્પણી કરવાનો પણ ઈન્કાર કર્યો હતો. અમરસિંહે કહ્યું હતું



કે, તેમનું નિવેદન પોલીસ તપાસનો હિસ્સો છે.જેથી આ મુદ્દે વધુ કોઈ વાત કરશે નહીં. પોલીસ વધુ માહિતી જાહેર કરશે. સુનંદા અને શશી બંને ખુબ સારા મિત્રો પૈકીના હતા. કોઈની પણ સામે તેઓ નથી. સત્ય સપાટી ઉપર આવે તેમ તેઓ ઈચ્છે છે. અગાઉ દિલ્હી પોલીસના વડા બીએસ બસ્સીએ માહિતી આપતા કહ્યું હતુંકે, સીટ દ્વારા અમરસિંહની પુછપરછ કરવામાં આવી રહી છે. અમરસિંહ આ કેસના સંદર્ભમાં ઘણી વિગત જાણતા હતા. અમરસિંહે દાવો કર્યો હતો કે, તેઓ મિડિયા સાથે પણ કેટલીક વાતની આપલે કરી ચુક્યા છે. અમરસિંહે એવો ધડાકો કર્યો હતો કે, તેમના મોતના બે દિવસ પહેલા સુનંદાએ તેમને ફોન કર્યો હતો. આઈપીએલ ફિયાસ્કોના સંદર્ભમાં તે વાત કરી રહી હતી. અગાઉ બે પત્રકારો પણ સીટ સમક્ષ ઉપસ્થિત થઈ ચુક્યા છે અને કબૂલ કરી ચુક્યા છે કે, હત્યા પહેલા સુનંદાએ તેમને કોલ કર્યા હતા.

શશી થરુરને ખુલ્લા પાડવા અંગેની વાત કરી હતી. અમરસિંહની આજે પુછપરછ કરવામાં આવ્યા બાદ ભારે ચકચાર મચી ગઈ હતી. જો સુનંદા શશી થરુર માટે ફ્રન્ટ તરીકે હતી ત્યારે કોચી ટીમમાં સામેલ ફ્રેન્ચાઈઝીસમાંથી ૭૫ કરોડ સ્વિટ ઈક્વિટી સુનંદાએ મેળવ્યા હતા. જો કે, સુનંદા અને થરુરે આક્ષેપોને રદિયો આપ્યો હતો. થરુરે વિવાદ થયા બાદ રાજીનામુ આપ્યું હતું. વર્ષ ૨૦૧૦માં સુનંદા સાથે થરુરે લગ્ન કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, સુનંદા ૧૭મી જાન્યુઆરીના દિવસે ગયા વર્ષે હોટલમાં મૃતહાલતમાં મળી આવી હતી. દિલ્હી પોલીસે પહેલી જાન્યુઆરીના દિવસે આ કેસમાં હત્યાનો કેસ દાખલ કર્યો હતો ત્યારબાદથી પોલીસ શશી થરૂરના સાથીઓ, સ્ટાફ અને અન્યોની પુછપરછ કરી ચુકી છે. પારિવારિક મિત્ર સંજય દિવાનની પણ પુછપરછ થઈ ચુકી છે.

## ચીન સાથે સરહદી વિવાદ ઉકેલવા ભારત પૂર્ણ તૈયાર

કાનપુર,તા. ૨૮

કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહે આજે આઈટીબીપીના બટાલિયન કેમ્પનું ઉદ્‌ઘાટન કર્યા બાદ જણાવ્યું હતું કે, ભારત સંપૂર્ણ ઈમાનદારી સાથે ચીન સાથેના તમામ વિવાદોને ઉકેલવા ઈચ્છુક છે. સરહદી વિવાદને પણ ઉકેલવા માટે તૈયાર છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, ભારત-ચીન સરહદ ઉપર મતભેદોની સ્થિતિ છે. ચીનનું કહેવું છે કે, અહીં સરહદ એવી છે કે જ્યારે ભારત આ વાત માનવા તૈયાર નથી. સરહદી સમસ્યાને ઉકેલવા માટે તમામ પ્રયાસો કરાઈ રહ્યા છે. ચીને પણ આગળ આવવું જોઈએ. ભારત તમામ વિવાદોને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા ઈચ્છુક છે. કાર્યક્રમ માટે દિલ્હીથી કાનપુર પહોંચેલા સિંહે કહ્યું હતું કે, ભારતને ક્યારે પણ કોઈ પ્રદેશની મહત્વકાંક્ષા રહી નથી. તેમની સરકાર સરહદી વિવાદોને ઉકેલીને તંગદિલી દૂર કરવા ઈચ્છુક છે. ભારતનો ઈતિહાસ કહે છે કે, અમે ક્યારે પણ કોઈ વિસ્તાર ઉપર અંકુશ જમાવ્યો નથી. ક્યારે કોઈ દેશ ઉપર હુમલો કર્યો નથી. અમે શાંતિના પુજારીઓ છે. ઈમાનદારી સાથે અમે આગળ વધવા માંગીએ છીએ. ગૃહપ્રધાને કહ્યું હતું કે, તેમના મંત્રાલયે ભારત-તિબેટ સરહદી પોલીસ ફોર્સના સૈનિકો માટે ૩૫ નવી સરહદી ચોકીને લીલીઝંડી આપી છે. ટૂંકમાં જ ૨૨ પોસ્ટ કાર્યરત થઈ જશે જ્યારે અન્ય ૧૩ ઉપર કામ ચાલી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, એર કનેક્ટિવિટી પણ ગયા વર્ષે ડિસેમ્બરમાં આઈટીબીપીને આપી દેવામાં આવી છે. સૈનિકોને મોબિલીટી આપવા માટે કામ થઈ રહ્યું છે. ઉપરાંત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મહત્વ આપવામાં આવી રહ્યું છે. આઈટીબીપીના જવાનો માટે કનેક્ટિવિટીને સુધારવા માટે ગૃહ મંત્રાલય દ્વારા ૧૨૩ મોબાઈલ ફોન ટાવરને મંજુરી આપવામાં આવી છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, આઈટીબીપીના જવાનો માટે રોટેશનલ કામગીરી થઈ રહી છે. પોસ્ટિંગ મામલે પણ આવી જ ગણતરી થઈ રહી છે. અમેરિકી પ્રમુખ ભારત આવ્યા બાદ અમેરિકા સાથેના સંબંધોમાં સુધારો થઈ રહ્યો છે. દરરોજ આત્મવિશ્વાસ વધી રહ્યો છે. પડોશી દેશો સાથે પણ સંબંધો વધુ મજબૂત કરાઈ રહ્યા છે.



એક જમાનામાં રેડિયો સાંભળવાનો દેશભરમાં ભારે ક્રેઝ હતો. ઘણા વર્ષોથી ભુલાઈ રહેલા આ માધ્યમની લોકપ્રિયતા ફરી વધવા લાગી છે. એક ગામમાં મહિલાઓ 'મન કી બાત' ના વિશેષ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની વાતને રેડીયો પર ધ્યાનથી સાંભળી રહી છે.

## સ્પાઈસની સુપર સેલ ઓફર લોન્ચ

નવી દિલ્હી,તા. ૨૮

દેશમાં જુની જુદી એરલાઈન્સ વચ્ચે હાલમાં યાત્રીઓને આકર્ષિત કરવા માટે જોરદાર સ્પર્ધા ચાલી રહી છે ત્યારે હવે નાણાંકીય કટોકટીનો સામનો કરી રહેલી બજેટ કેરિયર સ્પાઈસે પણ સસ્તી ટિકિટની ઓફર કરી છે. સુપર સેલ નામની નવી સ્કીમ લોંચ કરવામાં આવી છે. જેના ભાગરૂપે પાંચ લાખ ટિકિટનુ વેચાણ કરનાર છે. ટિકિટની કિંમત ૧૪૯૯ રૂપિયા રાખવામાં આવી છે. આના માટે બુકિંગ કરવા માટેનો ગાળો ૩૦મી જાન્યુઆરીથી ૧૫મી ફેબ્રુઆરી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જ્યારે પ્રવાસનો ગાળો ૧૫મી ફેબ્રુઆરીથી લઈને ૩૦ મી જુન વચ્ચેનો રહેશે. ઈન્ડીગો અને ગો એર દ્વારા પહેલાતી યાત્રીઓ માટે સસ્તા પ્રવાસ માટેની સ્કીમ જાહેર કરવામાં આવી ચુકી છે. આવી સ્થિતીમાં હવે સ્પાઈસ દ્વારા નવી જાહેરાત કરવામાં આવી છે. વિમાની યાત્રા કરવા ઈચ્છુક લોકો માટે ખુબ સારા સમાચાર છે. હવે યાત્રીઓ વહેલી તકે બુકિંગ કરાવીને પ્રવાસનો લાભ લઈ શકે છે.

## ભાજપ-પીડીપી ટૂંક સમયમાં કાશ્મીરમાં સરકાર બનાવશે

શ્રીનગર,તા. ૨૮

જમ્મુ કાશ્મીરમાં ભાજપ અને પીડીપી સરકાર રચવાની દિશામાં આગળ વધી રહ્યા છે. પીડીપી સાથે સરકારની રચના કરવા અંગે ચાલી રહેલી અટકળો વચ્ચે હવે નવા સંકેત મળી રહ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભાજપ અને પીડીપી જમ્મુ કાશ્મીરમાં સરકારની રચના કરવા સંમત થઈ ચુક્યા છે. તેમની વચ્ચે સમજૂતિ પણ થઈ ચુકી છે. બંને પક્ષો બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલા પર વાતચીત કરી રહ્યા છે. ટૂંક સમયમાં જ આ અંગે સર્વસંમતિ થઈ જાય તેવી શક્યતા છે. ભાજપ જમ્મુ કાશ્મીર ધારાસભ્યોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં રામ માધવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પીડીપીના નેતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી મુફ્તી મોહમ્મદ સઈદ કહી ચુક્યા છે કે, ભાજપ સાથે બે રાઉન્ડની વાતચીત સફળ રહી છે. તેમણે કહ્યું હતું કે, રાજ્યને મુશ્કેલ તબક્કામાંથી બહાર કાઢવાની ગણતરી ચાલી રહી છે. પક્ષના વર્કરો સાથે પણ વાતચીત થઈ ચુકી છે. સઈદનું કહેવું છે કે, તેઓ હવે નક્કરપણે માની રહ્યા છે કે, ભાજપ સાથે હાથ મિલાવવાથી જમ્મુ કાશ્મીરને લાભ થશે. આજકારણસર અમે તૈયાર થયા છીએ. જો કે, તેમણે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીર મુસ્લિમ બહુમતિ રાજ્ય છે. કેન્દ્ર સરકારે રાજ્યમાં લોકોના જનમતનું સન્માન કરવું જોઈએ. રાજ્ય મુશ્કેલતબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. લોકોને એવી સ્થિર અને મજબૂત સરકારની જરૂર છે જે વિધાનસભાની ચૂંટણી દરમિયાન આપવામાં આવેલા વચનોને સારી રીતે પાળી શકે. હાલમાં જ યોજાયેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં કોઈપણ પાર્ટીને બહુમતિ મળી ન હતી. પીડીપી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી. તેને ૨૮ બેઠકો મળી હતી જ્યારે રાજ્ય વિધાનસભાની ચૂંટણી ભાજપને ૨૫ બેઠકો મળી હતી. ભાજપનો હજુ સુધીનો જમ્મુ કાશ્મીરના ઈતિહાસમાં સૌથી સારો દેખાવ રહ્યો હતો. નેશનલ કોન્ફરન્સને ૧૫ અને તેના સાથી પક્ષ કોંગ્રેસને ૧૨ બેઠકો મળી હતી. અપક્ષો અને નાના પક્ષોને સાત બેઠકો હાથ લાગી હતી. જમ્મુ કાશ્મીરમાં કોઈપણ પાર્ટીને સ્પષ્ટ બહુમત નહીં મળતા હજુ પણ સરકારની રચના થઈ શકી નથી. રાજકીય અનિશ્ચિતતાનું ચિત્ર સર્જાઈ ગયું છે.

## બંધારણથી સેક્યુલર શબ્દ રદ કરવા જોરદાર માંગણી

મુંબઈ,તા. ૨૮

માહિતી અને પ્રસારણ મંત્રાલયની પ્રજાસત્તાક દિવસની જાહેરાતને લઈને વિવાદ થયા બાદ શિવસેનાએ આજે બંધારણમાંથી સેક્યુલર અને સોશિયલિસ્ટ જેવા શબ્દોને હંમેશ માટે દૂર કરવાની માંગણી કરી છે. શિવસેનાના વરિષ્ઠ નેતા સંજય રાવતે કહ્યું છે કે, રાજકીય પક્ષો વચ્ચે શાબ્દિક આક્ષેપબાજીનો દોર શરૂ થઈ ગયો છે. માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા જાહેરાત જારી કરાયા બાદથી ખેંચતાણ વધી છે. આવી સ્થિતિમાં સેક્યુલર અને સોશિયલિસ્ટ જેવા શબ્દો બંધારણમાંથી દૂર કરવામાં આવે તે જરૂરી છે. પ્રજાસત્તાક દિવસની જાહેરાતમાંથી આવા શબ્દ દૂર કરવાનું અમે સ્વાગત કરીએ છે પરંતુ આને હંમેશ માટે દૂર કરવામાં આવે તે જરૂરી છે. લઘુમતિ સમુદાયના લોકોનો ઉપયોગ રાજકીય લાભ માટે કરવામાં આવે છે. જ્યારે હિન્દુઓને અપમાનિત કરવામાં આવે છે. આવી સ્થિતિમાં બંધારણમાંથી શબ્દ દૂર કરાય તે જરૂરી છે. ગઈકાલે કોંગ્રેસે ભાજપ સરકાર ઉપર આક્ષેપ કર્યા હતા.

## શારદા કૌભાંડ : રોય પુછપરછ માટે તૈયાર

કોલકાતા,તા. ૨૮

તૃણમુલ કોંગ્રેસના જનરલ સેક્રેટરી અને ભૂતપૂર્વ રેલવે પ્રધાન મુકુલ રોયની શારદા કૌભાંડના સંબંધમાં સીબીઆઈ દ્વારા સમન્સ જારી કરવામાં આવ્યા બાદ હવે પુછપરછ કરવામાં આવનાર છે. મુકુલ રોયે કહ્યું છે કે, તેઓ ૩૦મી જાન્યુઆરીના દિવસે સીબીઆઈ સમક્ષ પુછપરછ માટે ઉપસ્થિત રહેશે. સીબીઆઈ દ્વારા સમન્સ જારી કરાયા બાદ વારંવાર દિલ્હીની મુલાકાત લઈ રહેલા રોયે કહ્યું છે કે, તેઓ પુછપરછ માટે હાજર થશે. કોલકાતા પહોંચ્યા બાદ તેમણે કહ્યું હતું કે, તપાસ સંસ્થાને તેઓ સહકાર આપશે. મમતા બેનરજીના નેતૃત્વમાં પશ્ચિમ બંગાળ સરકાર અને સાથે સાથે તૃણમુલના સભ્યો સામે તપાસ કરવામાં આવી રહી છે. તૃણમુલ કોંગ્રેસ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી પણ કરવામાં આવી ચુકી છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, ભાજપના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર પરિસ્થિતિનો લાભ ઉઠાવી રહી છે. સીબીઆઈનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. ૩૦મી જાન્યુઆરીના દિવસે થનાર પુછપરછને લઈને ભારતે ખળભળાટ મચી ગયો છે.

## સમાચાર ઝલક

- ગુજરાતમાં કડકડતી ઠંડી હજુ ત્રણ દિવસ રહે તેવી સંભાવના.
- સમુહ લગ્નના માધ્યમથી સમાજ પ્રગતિ તરફ વધશે - મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ
- રિલાયન્સના શ્રીમતી કોકિલાબેન અંબાણી અને રાજયસભાના સભ્યશ્રી પરિમલ નાથવાણી નાથદ્વારા મંદિર બોર્ડમાં ત્રીજી વખત નિમાયા.
- રિઝર્વ બેંક પાસે ૫૫૭ ટન સોનાનો જથ્થો છે.
- રાજકોટમાં ૫૪ લાખની લુંટ થઈ હોવાની ભારે ચર્ચા.
- ભારતમાં વિવિધ ક્ષેત્રે ૪ અબજ ડોલરનું રોકાણ.
- નાસાની તસવીરમાં માર્સ પર જીવનનો દાવો કર્યો.
- હોંગકોંગમાં કિશોરીએ ૨૮ કરોડનો ડાયમંડ નેકલેસ ચોર્યો.
- ક્રિકેટ જગતમાં દુઃખદ ઘટના, પાકિસ્તાની ક્રિકેટરને છાતીમાં બોલ વાગતાં નીપજયું મોત.
- આ વર્ષની આઈપીએલ રદ થવાની પ્રબળ શકયતાઓ.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નામ લખેલા સુટની વિશ્વભરમાં ચર્ચા.
- હાડકાં મજબૂત કરવામાં કેલ્શિયમની મહત્વની ભૂમિકા.
- સ્માર્ટ ફોન ધ્યાન વધારવામાં ખૂબ જ ઉપયોગી બને છે.

## અતિતની આજ (પાના નં. ૪ નું ચાલુ)

અમરસિંહ, ભગવાનદાસ સહસા (સહસ્રમલ), ગોપાલ, કચરા, સાંવલદાસ, દુર્જનસિંહ, કલ્યાણદાસ, ચાંદા (ચંદ્રસિંહ), શેખા, પૂરણમલ (પૂરા) હાથી, રામસિંહ, જસવંતસિંહ, માના, નાથો અને રાયભાણ.

મેવાડમાં સતીપ્રથાનું ચલણ હતું. વિધવા વિવાહની મંજૂરી નહોતી. પુત્રીને ભારરૂપ લેખવામાં આવતાં દૂધ પીતી કરવાની (જન્મતાં જ મારી નાખવાની) પ્રથા પ્રચલિત હતી. જો કે આવી કુપ્રથાઓ છતાં સામાન્ય રીતે મહિલાઓનું પારિવારિક જીવન પ્રેમ અને સુખમય ગણાતું હતું. મહારાણા પ્રતાપના કુંવર અમરસિંહે અબ્દુલ રહીમ ખાન-ખાનાના પરિવારની મહિલાઓને પકડી ત્યારે પ્રતાપે તેમને તત્કાળ છોડી મૂકવાનો આદેશ આપ્યો હતો એ વાતની નોંધ લેવાય છે. આ જ અમરસિંહે વડનગર લૂંટ્યું હતું. મહારાણા પ્રતાપના શાસનકાળમાં રાજમહેલ કે જંગલમાં વસવાટ દરમિયાન લોકોને સમતાની ભાવના અનુભવાતી હતી. સતત યુદ્ધના સમય દરમિયાન રાણા પ્રતાપ પોતાની અનેક રાણીઓ અને કુંવર-કુંવરીઓ સહિત લગભગ રાજવી પરિવારનાં ૧૦૦૦ જેટલાં સભ્યો સાથે ભીલોની વચ્ચે રહેતા હતા. સંકટ સમયે ભીલ નિષ્ઠાવંતો અને ગુપ્તચરો પ્રતાપ માટે જાન આપવા કે સાથ આપવામાં સંકોચ કરતા નહોતા.

ધાર્મિક સહિષ્ણુતા અને સર્વધર્મસમભાવ એ પ્રતાપના શાસનકાળમાં સ્વીકૃત આદર્શ લેખવામાં આવતા હતા. એ પોતે શૈવ હોવા છતાં બીજા ધર્મોના પૂજા-પાલન ભણી ઉદાર હતો. જૈન ધર્મનો પ્રભાવ પણ મેવાડમાં ઘણો હતો. ભામાશાહ જેવા પ્રધાન જૈન હતા. ભામાશાહના ભાઈ તારાચંદ, પુત્ર જીવાશાહ અને પૌત્ર અક્ષયરાજ પણ મેવાડ રાજ્યની સેવામાં હતા.

પ્રતાપે પોતાના રાજ્યમાં આવેલા મુસલમાનોને પણ આશ્રય આપ્યો હતો. પઠાણ હકીમખાં તો એનો વિશ્વસનીય સેનાનાયક હતો. તેને હલ્દીઘાટીના યુદ્ધમાં હરાવલનું નેતૃત્વ સોંપાયું હતું. આ વિશ્વાસની પરાકાષ્ઠા હતી. જાલૌરના તાજખાં સાથે પ્રતાપને વ્યક્તિગત મૈત્રી હતી. નસિરૂદ્દીન જેવા ચિત્રકારે તો મેવાડની નવી રાજધાની ચાવંડમાં રહીને નવી ચિત્રશૈલીને જન્મ આપ્યો હતો. એ પાછળથી મેવાડ શૈલી તરીકે ઓળખાઈ. એકલિંગની પૂજાઅર્ચના કરવાનું મહારાણાના રાજકાજનો ભાગ હોવા છતાં મેવાડના મહારાણાઓમાં ક્યારેય ધાર્મિક કટ્ટરતા, સંકીર્ણતા કે ભેદભાવની ભાવના ઉત્પન્ન થઈ નહોતી. એમણે બધા જ ધર્મોને સમાન રીતે આદર કર્યો અને રાજ્ય તરફથી તેમને સમયાંતરે જરૂરી સહયોગ પણ આપ્યો. વિભિન્ન ધર્મોમાં માનનારાઓને કેવળ તેમના વિશ્વાસ મુજબની પૂજાઅર્ચના અને આચરણની સ્વતંત્રતા હતી. એટલું જ નહીં એમને રાજ્યના વહીવટીતંત્રમાં ઊંચા હોદ્દાઓની જવાબદારી કોઈ જાતના ભેદભાવ વિના અપાતી હતી.

મેવાડના મહારાણા પ્રતાપને કેટલાક લોકો હિંદુ રાજા ગણાવીને મુસ્લિમ શાસક બાદશાહ અકબર સામે મૂકે છે. ધર્મયુદ્ધની વાત છેડે છે. હકીકતમાં મહારાણા ધાર્મિક બાબતોમાં સંકીર્ણ વિચારના નહોતા. સામે પક્ષે અકબરના સેનાપતિપદે રાજા માનસિંહ જેવા હિંદુ હતા એટલે બંને વચ્ચેના સંઘર્ષને હિંદુ-મુસ્લિમ રંગ આપતો ઈતિહાસ રજૂ કરવો યોગ્ય નથી.

'પ્રતાપ અકબરને ઘૂસણખોર અને વિદેશી હુમલાખોર તરીકે ગણી આક્રમણકારી અકબરનો વિરોધ કરતાં પ્રતાપે ક્ષત્રિયોચિત ધર્મનું પાલન કર્યું હતું.' એવું અધિકાંશ ઈતિહાસકારો સ્વીકારે છે.

ગૌરીશંકર ઓઝા નોંધે છે: 'મહારાણા પ્રતાપસિંહ અને અમરસિંહના સમયગાળામાં મુસલમાનો સાથે સતત લડાઈ થવાને કારણે ચતુર મંત્રી (પ્રધાન) ભામશાહ પાસે રાજ્યનો ખજાનો સુરક્ષિત સ્થાનોએ ગુપ્ત રીતે રખાવાયો હતો. તેનો હિસાબ-કિતાબ તે રાખતો હતો. એ સ્થળોથી જરૂરિયાત મુજબ ધન કાઢીને તે લડાઈનો ખર્ચ કરતા હતા. ભામશાહે પોતાના નિધન પૂર્વે આ ખજાનાના હિસાબ કિતાબની વહી પોતાની પત્નીને આપીને તે મહારાણાને પહોંચાડવા જણાવ્યું હતું. બાદશાહ જહાંગીર સાથે સંધિ કરતી વેળા પ્રતાપના અનુગામી અમરસિંહે જે નજરાણું મુઘલ બાદશાહને ધર્યું હતું તેની નોંધ જહાંગીરનામામાં છે. ઓઝાએ એનો વિગતે ઉલ્લેખ કરીને પ્રશ્ન કર્યો છે. 'જો મહારાણા પ્રતાપસિંહ પાસે કોઈ સંપત્તિ નહીં હોત તો તેમના પુત્ર મહારાણા અમરસિંહે સંધિ વખતે આટલાં બધાં રત્નાદિની જોગવાઈ ક્યાંથી કરી?' કર્નલ ટોડ ભામાશાહે પોતાની સઘળી સંપત્તિ મહારાણા પ્રતાપના ચરણમાં ધરી દીધાની વાત કરે છે. તેને નર્યા વાતોનાં વડાં ગણાવી ભરોસાપાત્ર નહીં લેખવાનું ઈતિહાસકાર ઓઝા જણાવે છે, છતાં આપણે ત્યાં પાઠ્યપુસ્તકોમાં આવી કલ્પનાકથાઓને પ્રતાપ સાથે જોડીને ભણાવાય છે એને શરમજનક લેખવું રહ્યું.

ભારતીય ગૌરવ અને સ્વાભિમાનના ઈતિહાસમાં ઉજ્જવળ પાનનું ઉમેરણ કરનાર મહારાણા પ્રતાપને ખરા અર્થમાં ભારત વર્ષનો નાયક અને પ્રેરણાપુરુષ ગણી શકાય.

(નિયામક અને પ્રાધ્યાપક, સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપ, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, મો : ૯૮૯૮૫૪૩૮૮૧ ઈ-મેઈલ: haridesai@gmail.com)